શેરબજાર પર તોળાતું કરેક્શન

અમૃતકાળમાં પ્રવેશ બાદ આગળ શું? નિફ્ટી માટે ૨૩,૦૦૦ના સ્તરે મોટો અવરોધ

કરંટ ટોપિક

નિલેશ વાઘેલા

મુંબઈઃ સેન્સેક્સે ઇતિહાસમાં પહેલી જ વાર ૭૫,૦૦૦ પોઇન્ટના શિખરે ઝંડો ફરકાવ્યો છે. એકધારી અને ઝડપી તેજીને કારણે રોકાણકારો રાજીના રેડ થઇ ગયા છે. બુધવારે સેન્સેક્સ ૩૫૪.૪૫ પોઈન્ટ્સ અથવા ૦.૪૭ ટકા વધીને ૭૫,૦૩૮.૧૫ પોઇન્ટની ઓલટાઇમ હાઇ સપાટી પર અને નિફ્ટી ૧૧૧ પોઈન્ટ્સ અથવા ૦.૪૯ ટકા વધીને ૨૨,૭૫૩.૮૦ પોઇન્ટની નવી વિક્રમી સપાટીએ સ્થિર થયો છે. આ એક જ સત્રમાં બીએસઇમાં લિસ્ટેડ તમામ શેરના માર્કેટ કેપિટલમાં રૂ. ૨.૨૭ લાખ કરોડનો ઉમેરો થયો છે.

બજારનો અંડરટોન મજબૂત છે અને અર્થતંત્રના ફંડામેન્ટલ્સ પણ સારા છે. જોકે, નિષ્ણાતો જોકે સાવચેતીનુ વલણ અપનાવવાની સલાહ આપી રહ્યાં છે. કેમના મતે શેરબજારે જે ઝડપથી આગેકૂચ કરી છે, તે જોતાં ગમે ત્યારે કરેકશન ત્રાટકી શકે છે. ઝડપી ઉછાળા બાદ પ્રત્યાઘાતી ઘટાડો બજારના સ્વાસ્થ્ય માટે સારો ગણાય છે, પરંતુ કરેકશન માટેના ઉપરોક્ત તાર્કિક આધાર સાથેના આ કથનને કેટલાક અન્ય પરિબળો પણ સમર્થન આપે છે, જે આગળ જોઇશું.

આપણે આ સ્થળે અગાઉના અંકમાં પ્રકાશિત લેખમાં જણાવાયું જ હતું કે ટૂંકા ગાળામાં તેજી જળવાઇ રહેવાની સંભાવના છે, પરંતુ નિષ્ણાતો અત્યારે રોકાણકારોને સાવધ રહેવાની ચેતવણી આપતાં કહે છે કે જે ઝડપી ગતિએ બેન્ચમાર્કે નવાં વિક્રમી શિખરો સર કર્યા છે તે જોતાં કરેકશન અનિવાર્ય જણાય છે. આ ઉપરાંત ખાસ કરીને અમેરિકા તરફથી મળતા સંકેતમાં એવો સ્પષ્ટ ઇશારો છે કે વિદેશી ફંડોની વેચવાલી અટકવાની નથી. સેન્સેક્સ પાછલા એક વર્ષમાં લગભગ ૨૫ ટકા વધ્યો છે અને તે ૨૧ એપ્રિલ, ૨૦૨૩ના રોજ બાવન સપ્તાહની ૫૯,૪૧૨.૮૧ પોઇન્ટની નીચી સપાટી સામે ૨૬ ટકાથી વધુ ઊછળ્યો છે. ટ્રેડ એનાલિસ્ટો જણાવે છે કે ચોથી જૂને લોકસભાની ચૂંટણીના પરિણામો આગામી થોડા મહિનાઓ માટે બજારની ગતિના મુખ્ય નિર્ણાયક રહેશે.

આ ઉપરાંત અમેરિકા અને અન્ય મુખ્ય અર્થતંત્રોમાં વ્યાજ દરની સ્થિતિ, ભારતમાં ચોમાસાની પ્રગતિ, કોર્પોરેટ પરિણામો, વિદેશી ભંડોળનો પ્રવાહ અને આર્થિક ફંડામેન્ટલ્સ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર મોટી અસર કરશે. એક રાહતની બાબતમાં સ્કાયમેટે ૨૦૨૪ માટે સારા વરસાદની આગાહી કરી છે.

એક વર્ગ માને છે કે આ ઇલેકશન રેલી છે અને તેથી થોડો સમય સુધી આગળ વધતી રહેશે. જ્યારે એક વર્ગ એવું માને છે કે ઇલેકશન રેલી હોવાને કારણે જ રોકાણકારોએ સંભાળવું જોઇએ, કારણ બજાર ગમે ત્યારે અચાનક ગબડી શકે છે.

હવે આપણે બજારને કરેકશન તરફ દોરી શકે એવા મુખ્ય અને પ્રત્યક્ષ બાહ્ય પરિબળો વિશે વાત કરીએ. અમેરિકામાં ઇન્ફ્લેશનના ડેટા વધુ પડતા મજબૂત આવ્યા હોવાથી વિશ્વબજાર ડહોળાઇ ગયું છે. આજે ગુરુવારે બકરી ઇદ નિમિત્તે સ્થાનિક બજાર બંધ ના હોત તો ભારતીય બજારમાં પણ પીછેહઠ જોવા મળી હોત. અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઇઝ ઇન્ડેક્સમાં માર્ચથી મજબૂત ડેટા જાહેર થતાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં જૂનમાં કપાત લાગુ કરે એવી શક્યતાઓ ધૂંધળી બની ગઇ છે.

ફેબ્રુઆરીમાં ૩.૨ ટકાની સપાટીએ પહોંચેલો યુએસ સીપીઆઇ ઇન્ફ્લેશનનો આંક માર્ચમાં ૩.૫ ટકાના સ્તરે પહોંચ્યો છે. આને પરિણામે બુધવારે એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૦.૯ ટકા ગબડીને ૫,૧૬૦.૬૪ પોઇન્ટની સપાટીએ, ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રીઅલ એવરેજ ૧.૧૪ ટકાના કડાકા સાથે ૩૮,૪૬૧.૫૧ પોઇન્ટની સપાટીએ અને નેસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સ ૦.૮ ટકાના મોટા ગાબડા સાથે ૧૬,૧૭૦.૩૬ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

અમેરિકન શેરબજારોના નકારાત્મક ટ્રેન્ડની અસર આજે ગુરુવારે ભારતીય બજાર પર દેખાઇ શકે છે. એશિયાઇ બજારોમાં ટોકિયોનો નિક્કી-૨૨૫ ઇન્ડેક્સ ૦.૪ ટકા ગબડીને ૩૯,૪૩૨.૬૧ પોઇન્ટની સપાટીએ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ૦.૬ ટકા ગબડીને ૧૭,૦૩૭.૮૦ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. બેંગકોકનો એસઇટી ૦.૫ ટકા અને તાઇવાનનો ટેઇક્સ બેન્ચમાર્ક ૦.૩ ટકા ગબડ્યો હતો.

ફેડરલ રિઝર્વ ઇન્ફ્લેશનમાં વધુ નોંધપાત્ર ઘટાડાની રાહ જોઇ રહી છે. ફેજરલે આ માટે બે ટકાનો લક્ષ્યાંક રાખ્યો છે, તે જોતા લાગે છે વ્યાજદરમાં કપાત જૂનમાં થવાની સંભાવના નથી અને ત્રણને સ્થાને વર્ષમાં બે જ વખત રેટ કટ શક્ય બનશે. આ ઉપરાંત ક્રૂડ ઓઇલના ભાવમાં ઉછાળો નોંધાયો છે અને સેન્ટિમેન્ટને ખરડી શકે એવા બીજા પરિબળમાં અમેરિકાના ટ્રેઝરી બોન્ડની યિલ્ડમાં ઉછાળો આવ્યો છે.

ઇન્ફ્લેશનના ઊંચા આંક પછી અમેરિકન શેરબજારોમાં થયેલા ધોવાણ બાદ ૧૦ વર્ષના ટ્રેઝરી બિલની યિલ્ડ મંગળવારે ૪.૩૬ ટકા હતી તે ઉછળીને બુધવારે ૪.૫૪ ટકા સુધી પહોંચી ગઇ હતી. જ્યારે બે વર્ષની ઉપજ તો ૪.૭૪ ટકા સામે વધુ તીવ્રતાથી ઉછળીને ૪.૯૭ ટકા સુધી પહોંચી છે. આ જોતા વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)ની વેચવાલી વધુ તીવ્ર બની શકે છે.

ભારતીય શેરબજાર માટે મજબૂત ફંડામેન્ટલ, કોર્પોરેટ ક્ષેત્રના ચોથા ક્વાર્ટરના મજબૂત પરિણામની સંભાવના અને ઇલેકશનના કરંટ જેવા પરિબળો આધાર આપી શકે છે, પરંતુ એફઆઇઆઇનું વલણ મહત્ત્વની ભૂમિકામાં રહેશે. એક આંકડાકીય મહિતી અનુસાર સેન્સેક્સે ૭૦,૦૦૦થી ૭૫,૦૦૦ સુધી પહોંચવામાં ૮૨ દિવસ લીધા છે. સોમવારે શેરબજારનું માર્કેટ કેપિટલાઇઝેશન ૪૦૦ લાખ કરોડને સ્પર્શી ગયું હતું. સેન્સેક્સે ૭૦,૦૦૦થી ૭૫,૦૦૦ પોઇન્ટની ૫,૦૦૦ પોઇન્ટની રેલી ૮૨ દિવસમાં પૂરી કરી હતી, જે અત્યાર સુધીની ચોથી સૌથી ઝડપી તેજી રહી હોવાનું બીએસઇના ડેટા સૂચવે છે.

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ શરૂ થવાને ગણતરીના દિવસો બાકી હોવાથી બજારમાં આ ઇલેકશન રેલી હોવાની વાતો પણ સંભળાઇ રહી છે. સેન્સેક્સે ૧૦ વર્ષ પહેલાં ૧૬ મે, ૨૦૧૪ના રોજ ૨૫,૦૦૦ માઇલસ્ટોનને પાર કર્યો હતો, જે દિવસે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. ૨૫,૦૦૦થી ૭૫,૦૦૦ના માઇલસ્ટોનને પાર કરવામાં સેન્સેક્સે દસ વર્ષ કરતા થોડો ઓછો સમય લીધો છે.

જ્યારે સેન્સેક્સને ૩૫,૦૦૦નો માઇલસ્ટોન પાર કરવામાં ચાર વર્ષનો સમય લાગ્યો હતો. ત્રીજી મે, ૨૦૧૯ના રોજ સેન્સેક્સ ૪૦,૦૦૦ના માઇલસ્ટોનને પાર કરી ગયો હતો. ત્યાર બાદ ૪૫,૦૦૦ માર્કથી ૫૦,૦૦૦ સુધી પહોંચવામાં શેરબજારને માત્ર ૩૫ સેશન જ લાગ્યા હતા.

ટોચના ટેક્નિકલ એનાલિસ્ટે બજારની આગામી ચાલ સંદર્ભે કહ્યું હતું કે રેઝિસ્ટન્સ ઝોન ૨૨,૭૦૦-૨૨,૭૫૦ પોઇન્ટની રેન્જમાં છે, જ્યારે સપોર્ટ લેવલ ૨૨,૬૦૦ પોઇન્ટની સપાટીએ છે. તેમના મતે ૨૨,૭૫૦ સુધીની નિર્ણાયક આગેકૂચ ટૂંકા ગાળામાં ૨૩,૦૦૦ તરફ તેજીની ગાડી આગળ વધારી શકે છે. જોકે, ૨૩,૦૦૦ બેન્ચમાર્ક માટે મહત્ત્વની અવરોધક સપાટી છે. બજાર રેન્જ-બાઉન્ડ રહેવાની સંભાવના હોવાથી સ્ટોપ લોસ સાથે ઘટાડે લેવાલી અને યોગ્ય ઉછાળે વેચવાલીની વ્યૂહરચના અપનાવવી હિતાવહ સાબિત થઈ શકે છે. ■

અમેરિકામાં ફુગાવો વધતાં જૂનથી રેટ કટની શક્યતા ધૂંધળી

વિશ્વ બજારમાં સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા ખાતે ગઈકાલે જાહેર થયેલા ગત માર્ચ મહિનાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં બજારની વધારો થયો હોવાના નિર્દેશ સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં ૦.૭૫ ટકા જેટલો ઘટાડો આવી ગયો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ ઘટી આવ્યા હતા. વધુમાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં ઘટ્યા મથાળેથી રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સલામતી માટેની માગનો ટેકો મળતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીમાં વધુ ૦.૩ ટકા જેટલો ઘટાડો આગળ વધ્યો હતો.

જોકે, આજે સ્થાનિકમાં ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન રમઝાન ઈદની રજાને કારણે સત્તાવાર ધોરણે બંધ રહ્યું હોવાથી સ્થાનિકમાં સોનાના ભાવની કોઈ જાહેરાત નહોંતી કરવામાં આવી.

ગત માર્ચ મહિનાનો અમેરિકાનો કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આગલા ફેબ્રુઆરી મહિનાના ૩.૨ ટકા સામે વધીને ૩.૫ ટકાની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ હતા. જોકે, બજાર વર્તુળો ૩.૪ ટકા આસપાસ ફુગાવો રહેવાની ધારણા મૂકી હતી. આમ ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ વૃદ્ધિ જોવા મળતાં ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી શક્યતા ધૂંધળી બની હતી અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવમાં ૦.૭ ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે મધ્ય પૂર્વના દેશોના તણાવને ધ્યાનમાં લેતાં સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ માગનો ટેકો મળતાં હાજર અને વાયદામાં ભાવ અનુક્રમે ઔંસદીઠ ૨૩૩૦.૯૨ ડૉલર અને ૨૩૪૮ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ વધુ ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭.૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ફુગાવામાં અપેક્ષા કરતાં વધુ વૃદ્ધિ જોવા મળતાં સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું યુબીએસનાં વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હવે સોનાના ભાવમાં વધઘટનો આધાર એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં રોકાણકારોની લેવાલી કેવી રહે છે તેમ જ ફેડરલ દ્વારા વ્યાજદરમાં કપાતની શરૂઆતનો કોઈ અણસાર આપવામાં આવે તેના પર અવલંબિત રહેશે. વધુમાં વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી ચીનની અનામત માટેની લેવાલીને ટેકો મળતો રહે તેવી શક્યતા ટેસ્ટીલીવનાં ગ્લોબલ મેક્રો વિભાગના હેડ સ્પાઈવેક ઈયાએ વ્યક્ત કરી હતી.

જોકે, રૉઈટર્સનાં ટેક્નિકલ એનાલિસ્ટ વૉંગ તાઓએ આગામી ટૂંકા સમયગાળામાં વૈશ્વિક સોના માટે ઔંસદીઠ ૨૩૧૯ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેવી શક્યતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે જો આ સપાટી તૂટે તો ભાવ ઘટીને ઔંસદીઠ ૨૨૮૮થી ૨૩૦૨ ડૉલર આસપાસની રેન્જમાં અથડાતા રહેશે.

વધુમાં ગઈકાલે અમેરિકા ખાતે ફુગાવો વધી આવ્યાના અહેવાલો પશ્ચાત્ ગોલ્ડમેન સાશે ફેડરલ રિઝર્વ આગામી જુલાઈ મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી શક્યતા વ્યક્ત કરી હતી, જ્યારે યુબીએસએ સપ્ટેમ્બર મહિનાથી રેટ કટની શરૂઆત કરવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. ■

સરકારી બોન્ડ અને જામીનગીરીમાં મોબાઈલથી રોકાણ કરવાની સવલત મળશે

મુંબઇઃ દેશની મધ્યવર્તી બૅન્ક, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ) ગવર્નર શક્તિકાંત દાસે રિટેલ રોકાણકારો માટે એક એપ બનાવવાની જાહેરાત કરી છે, જે ગવર્મેન્ટ બોન્ડ અને સિક્યુરિટીઝમાં રોકાણ કરવામાં સરળતા આપશે. આ એપ મારફત રિટેલ રોકાણકાર સરળતાથી અને સુરક્ષિત રોકાણ કરી શકશે.

આ રિટેલ ડાયરેક્ટ સ્કીમ એપ રિટેલ રોકાણકારને સીધુ સ્કીમમાં રોકાણ કરવાની તક આપશે. એપ મારફત ગવર્નમેન્ટ સિક્યુરિટીઝ, બોન્ડમાં રોકાણ હિસ્સો વધારી શકાશે. રિટેલ ડાયરેક્ટ સ્કીમ એપ અન્ય રોકાણ એપ્લિકેશન્સની માફક કામ કરશે, જેમાં રોકાણકાર પોતાના પોર્ટફોલિયો પર સરળતાથી દેખરેખ રાખવા ઉપરાંત માર્કેટ ડેટા પણ એક્સેસ કરી શકશે.

આરબીઆઈના મતે, આ એપ રોકાણકારોને યુઝર-ફ્રેન્ડલી ઈન્ટરફેસ ઉપલબ્ધ કરાવશે. જેની મદદથી કેન્દ્ર સરકાર દ્વારા જારી ઋૃત-તયભ, બોન્ડ, ટ્રેઝરી બીલ્સ, સ્ટેટ ગવર્મેન્ટની સિક્યુરિટીઝ, સોવરિન ગોલ્ડ બોન્ડ, ફ્લોટિંગ રેડ સેવિંગ્સ જેવી ગવર્મેન્ટ-સિક્યુરિટીઝ સહિતના વિકલ્પોમાં સીધુ રોકાણ કરી શકશે.

એપ મારફત રોકાણકારો રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે રિટેલ ડાયરેક્ટ ગિલ્ટ પણ ખોલાવી શકશે. ગવર્મેન્ટ સિક્યુરિટીઝ જાહેર લોન અને અન્ય હેતુઓ પૂર્ણ કરવા માટે સરકાર દ્વારા ફંડ એકત્ર કરવા ઈશ્યૂ કરવામાં આવતી સિક્યુરિટી છે.

આરબીઆઈના ટ્રેડિંગ સિસ્ટમ એનડીએસ ઓએમ મારફત સેકેન્ડરી માર્કેટમાં પણ રોકાણની તકો પ્રદાન થાય છે. એપ્લિકેશનમાં એકાઉન્ટ મેનેજમેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ ટ્રેકિંગ, વ્યાજ જમા થવુ અને ગ્રાહકોના બેન્ક એકાઉન્ટ અને ઓનલાઈન કસ્ટમર સપોર્ટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થવાની શક્યતા છે.

રિટેલ રોકાણકાર નીચી ટ્રાન્જેક્શન ફી સાથે આ એપનો લાભ લઈ શકે છે. જેમાં મધ્યસ્થીઓની દખલગીરી અને તેમના દ્વારા લેવામાં આવતા કમિશન ચાર્જ ન હોવાથી ટ્રાન્જેક્શન ફી સસ્તી થશે. આરબીઆઈ રિટેલ ડાયરેક્ટ ૨૦૨૧માં રોકાણકારોને સુવિધા આપવા અર્થે લોન્ચ થયુ હતું.

આ નેટ બેન્કિંગ અને યુપીઆઈ સંચાલિત વેબ પ્લેટફોર્મ પર રિટેલ રોકાણકાર આરબીઆઈની રિટેલ ડાયરેક્ટ વેબસાઈટ પર લોગઈન કરી ગવર્મેન્ટ સિક્યુરિટીઝમાં રોકાણ કરી શકે છે. જેમાં મફતમાં રિટેલ ડાયરેક્ટ ગિલ્ટ એકાઉન્ટ ખોલાવી અને મેઈનટેન કરી શકાય છે. જેમાં સેકેન્ડરી માર્કેટમાં કોઈપણ મધ્યસ્થીની દખલગીરી વાન સીધુ રોકાણ અને ટ્રેડિંગ કરવાની મંજૂરી મળે છે. ■

એલઆઇસી હાઉસિંગ ફાઈનાન્સ અને આઇડીએફસી ફર્સ્ટ બેન્કને આરબીઆઇએ ફટકારી પેનલ્ટી

મુંબઇઃ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ એલઆઈસીની હાઉસિંગ ફાઈનાન્સ કંપની પર લાખો રૂપિયાની પેનલ્ટી લાદી છે. તદુપરાંત આરબીઆઈએ આઈડીએફસી બેન્કને પણ નિયમોના ઉલ્લંઘન બદલ રૂપિયા એક કરોડની પેનલ્ટી ચૂકવવા આદેશ કર્યો છે.

આરબીઆઈ દ્વારા જારી નિવેદન અનુસાર, એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સની રૂ. ૪૯.૭૦ લાખની પેનલ્ટી ચૂકવવા આદેશ કર્યો છે. તેમજ આઈડીએફસી ફર્સ્ટ બેન્ક પર લોન એન્ડ એડવાન્સ મામલે અમુક નિર્દેશોનું પાલન ન કરવા બદલ પેનલ્ટી ફટકારી છે.

રિઝર્વ બેન્કે લોન અને એડવાન્સ આપવા અમુક નિયમનકારી નીતિઓ ઘડી છે. તેમજ અમુક પ્રતિબંધો પર લાદ્યા છે. જેનું પાલન ના કરવા બદલ પેનલ્ટી લાગુ કરે છે. એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ માર્ગદર્શિકાનું પાલન કરવામાં નિષ્ફળ રહી હોવાનું મધ્યસ્થ બેન્કનું માનવું છે.

એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ પર રૂ. ૪૯.૭૦ લાખની પેનલ્ટી ફટકારવામાં આવી છે. જેની પાછળનું કારણ રિઝર્વ બેન્કની માર્ગદર્શિકા-૨૦૨૧ની અમુક જોગવાઈઓનું ઉલંઘન છે. ઉલ્લેખનીય છે, આરબીઆઈની પેનલ્ટીની બેન્ક કે કંપનીના ગ્રાહકો પર કે તેની સાથે થનારા ટ્રાન્જેક્શન પર કોઈ અસર થશે નહિં.

આ ઉપરાંત રિઝવર્ન બેન્કે ચાર નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપની (એનબીએફસી)ના રજિસ્ટ્રેશન રદ્દ કર્યા છે, જેમાં કુંડલ્સ મોટર ફાઈનાન્સ, નિત્યા ફાઈનાન્સ, ભાટિયા હાયર પર્ચેજ અને જીવનજ્યોતિ ડિપોઝિટ્સ એન્ડ એડવાન્સિસનું રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પણ રદ્દ કર્યુ છે. જેથી હવે આ કંપનીઓ એનબીએફસી પેટે વ્યવસાય કરી શકશે નહિં. બીજી બાજુ પાંચ અન્ય એનબીએફસી ગ્રોઈંગ ઓપુર્ચ્યુનિટી ફાઈનાન્સ (ઈન્ડિયા), ઈનવેલ કોમર્શિયલ, મોહન ફાઈનાન્સ, સરસ્વતી પ્રોપર્ટીઝ અને ક્વિકર માર્કેટિંગે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પરત કર્યા છે. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

PUBLIC NOTICE

We are investigating the title and ownership of National Realty Private Limited, having its registered address at 11-16, 1st Floor, Ashoka Shopping Centre, L.T.Road, Mumbai 400001 to the premises described in the Schedule hereunder written.

The said premises is currently mortgaged to HDFC Bank Limited, and the said mortgage is in process of being transferred from HDFC bank Limited to Indian Bank.

Any person having any claim or right against the said premises by way of possession of original documents, inheritance, share, sale, mortgage, lease, licence, gift, possession, attachment, prohibitory orders, orders and decrees of the Court or otherwise is hereby required to intimate to the undersigned within 10 (Ten) days from the date of publication of this notice of his/her/its such claim, if any, with all the supporting documents failing which the claim, if any, of such person shall be treated as waived.

SCHEDULE OF THE PROPERTY

Unit No. 802 admeasuring carpet area of 10,595 sq. ft. on the 8th floor in Tower A of "Peninsula Business Park" alongwith the exclusive right to use 15 car parks (consisting of 09 regular car parks being Nos. 54 to 62 and o6 mechanical car parks being Nos. 376-A & B, 380-A & B, 381-A & B in the level P-4) Situated at C.S.No. 243 of Lower Parel Division, Ganpatrao Kadam Marg, Lower Parel, Mumbai 400 013.

Dated this 12th day of April, 2024

M/s. Vimadalal & Co.
(S.N. Vimadalal)
Advocates & Solicitors
14, Hamam House, 3rd floor,
36, Ambalal Doshi Marg,
Fort, Mumbai 400 001.

વર્ષ ૨૦૨૩માં ચીન ખાતે નિકાસ થતી મુખ્ય કૉમોડિટીમાં સકારાત્મક વૃદ્ધિદર

નવી દિલ્હીઃ ચીન ખાતે નિકાસ થતી કુલ ૧૬૧ કૉમોડિટી પૈકી આયર્ન ઑર, ટેલિકોમ ઈન્સ્ટ્રુમેન્ટ અને ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ્સ સહિતની ૯૦ જેટલી મુખ્ય કૉમોડિટીની નિકાસમાં ગત વર્ષ ૨૦૨૩માં થયેલી નિકાસમાં સકારાત્મક વૃદ્ધિદર જોવા મળ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ચીન ખાતે થતી કુલ કૉમોડિટીની નિકાસ પૈકી આ ૯૦ કૉમોડિટીનો હિસ્સો ૬૭.૭ ટકા જેટલો હોય છે, જ્યારે અન્ય ૭૧ કૉમોડિટી જે ૩૨.૩ ટકા હિસ્સો ધરાવે છે તેની નિકાસમાં નકારાત્મક વૃદ્ધિ જોવા મળી છે.

વધુમાં માહિતીમાં ઉમેર્યું હતું કે કૉમોડિટીનાં ચાર સ્તર એવા છે જેમાં ભારતની ચીન ખાતેની નિકાસ ૧૦ કરોડ ડૉલર કરતાં વધી છે, જેમાં વર્ષ ૨૦૨૩માં આયર્ન ઑરની નિકાસ ૩.૩૩ અબજ ડૉલર, કોટન યાર્નની નિકાસ ૬૧.૧૧૭ કરોડ ડૉલર, તેજાના-મસાલાની નિકાસ ૧૩.૨૨૬ કરોડ ડૉલર અને પ્રોસેસ્ડ મિનરલ્સ (ખનીજ)ની નિકાસ ૧૨.૯ કરોડ ડૉલરની સપાટીએ રહી હતી.

આ ઉપરાંત અન્ય ૧૫ ઉત્પાદનોની નિકાસમાં વધારો થયો હતો જેનું નિકાસ મૂલ્ય ૧૦થી ૧૦૦ અબજ ડૉલરનું રહ્યું હતું.

જેમાં મુખ્યત્વે દરિયાઈ ઉત્પાદનો, આયર્ન અને સ્ટીલ, ટેલિકોમ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ, ખાદ્યતેલ, એગ્રોકેમિકલ્સ, પેપર, પેપર બોર્ડ, દવાના ફોર્મ્યુલેશન્સ, બાયોલોજિકલ, એસી, રેફ્રિજરેશન મશીનરી, પેઈન્ટ, બલ્ક મિનરલ્સ અને ઑર તથા પ્રોસેસ્ડ શાકભાજીનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૩માં ભારતની ચીન ખાતે ટેલિકોમ ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને ઈલેક્ટ્રોનિ કમ્પોનન્ટ્સની નિકાસ અનુક્રમે ૪૬.૪૫ ટકા વધીને રૂ. ૨૪.૭૫૪ કરોડ ડૉલર અને ૬.૭૫ ટકા વધીને ૨૪.૭૫૪ કરોડ ડૉલરની સપાટીએ રહી હોવાનું આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

વર્ષ ૨૦૨૩માં ભારતની ચીન ખાતેથી આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો હોવા છતાં નિકાસમાં વધારો જોવા મળ્યો હતો. ■

ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત લેવાલીએ વધુ ₹ ૬૬નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં વૈશ્વિક બજારમાં કોપરમાં એકતરફી તેજીનું વલણ રહ્યું હોવાથી વાયદામાં સટ્ટાકીય પ્રવૃત્તિઓ ડામવા માટે શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જે ગઈકાલે કોપરનાં વાયદામાં ઈન્ટ્રા ડે ધોરણે આજથી (ગુરુવારથી) અમલી બને તેમ ૨૮૦૦ લોટની મર્યાદા મૂકી હોવાથી આજે વિશ્વ બજારમાં કોપરનાં ભાવમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં કોપરની ચોક્કસ વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી છ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૬૬નો ઉછાળો આવ્યો હતો, જ્યારે નિકલમાં સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બે વધી આવ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તથા માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૮૩૭, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૩ ઘટીને રૂ. ૭૧૨, કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૯૮ અને રૂ. ૨૪૫ તથા કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૮૭ અને રૂ. ૨૩૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઍલૉય ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ વધુ કિલોદીઠ રૂ. ૬૬ ઉછળીને રૂ. ૩૧૨૯ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બેના સાધારણ સુધારા સાથે રૂ. ૧૫૬૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ■

મથકો પાછળ ખાંડમાં ₹ ૧૦નો આગળ ધપતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૪૯૦થી ૩૫૩૦માં થયાના અહેવાલ હતા.

આમ મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સુધારા સાથે રૂ. ૩૬૦૦થી ૩૬૮૬માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૫૦થી ૩૬૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૫૦થી ૩૭૧૦માં થયાના અહેવાલ હતા. ■

Tender Notice for Labour Contract (Civil Work)

Sealed Tenders are invited from reputed Labour Contractors to carry out the Construction work of Proposed Redevelopment of existing Building **admeasuring approximately 75,026 sq. ft. construction area** on Plot bearing CTS No. 220/22 of village Bandivali at Patel Estate Road, Jogeshwari (West), K/W Ward, Mumbai – 400 102: Tender forms for the same could be obtained from the office of **"Shree Saurashtra Patel Samaj"**, Ashok Van, Hanuman Tekadi, Shiv Vallabh Road, Dahisar (East), Mumbai - 400 068 during office hours for a fee of Rs. 5,000/- (per tender) to be paid either in cash or demand draft between **14/04/2024 to 21/04/2024.** Enquires/ Information pertaining to the above tenders can be obtained by calling **+91-7666969918** or by email to **ssps.dahisar03@gmail.com** Sealed tenders will be accepted up to **4.00 p.m. on or before 23/04/2024,** and the same will be opened on **24/04/2024** in the presence of the Board of Trustees. The Board of Trustees reserves the right to accept or reject any or all the tender(s) without assigning any reasons to the bidders.

Chairman
Redevelopment Committee
Shree Saurashtra Patel Samaj